જા.નં. મા-૨/૨૦૨૧/ 12145

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.૧૭/૦૮/૨૦૨૧
18

પ્રતિ,

આચાર્યશ્રી, સંચાલકશ્રી,

સુરત શહેર અને જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ

પ્રાથમિક/માધ્યમિક અને ઉ.મા શાળાઓ તરફ.

**વિષય**:-"મુખ્યમંત્રી એપેન્ટીસશીપ યોજના" હેઠળ લાભ લેવા બાબત.

**સંદર્ભ**:-૧.કચેરીનો પરિપત્ર ક્રમાંક નં.મા-૨/૨૦૨૦/૧૦૪૩૮, તા.૨૭/૧૦/૨૦૨૦

૨.કચેરીનો પરિપત્ર ક્રમાંક નં.મા-૨/૨૦૨૦/૧૩૨૨૪, તા.૧૯/૧૨/૨૦૨૦

ઉપરોકત વિષય અને સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે આપની શાળામાં જો ૨૦ કે ૩૦ થી વધુ શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીનો કુલ સ્ટાફ હોય તેમણે "મુખ્યમંત્રી એપેન્ટીસશીપ યોજના" હેઠળ કુલ સંખ્યાના ૨.૫% થી ૧૦% જેટલા કર્મચારીઓની નિમણૂંક કરવાની રહેશે. તેમજ ૨૦ કે ૩૦ થી ઓછી શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીનો કુલ સ્ટાફ હોય તેમણે "મુખ્યમંત્રી એપેન્ટીસશીપ યોજના" તેમજ **(www.apprenticeshipindia.org)** લીક પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.આપની શાળામાં આપશ્રી **accountant,Data Entry Operator,**ની ભરતી કરી શકો છો. સરકારશ્રી આ યોજનાનો લાભ વધુમાં વધુ શાળાઓ દ્વારા લઇ નિર્ધારિત લક્ષ્યાંક ને પ્રાપ્ત કરી યોજનાને સફળ બનાવીએ.

શ્રી જિલ્લાશિક્ષણાધિકારી તથા માનનીય કલેકટર સાહેબશ્રીએ આ બાબતને ધ્યાને લીધેલ હોઇ તેને અગતા આપી ઝડપથી માહિતી એકત્ર કરી અત્રેની કચેરીના મા-૨ શાખાને જમા કરાવવાનું રહેશે.

"મુખ્યમંત્રી એપેન્ટીસશીપ યોજના" અંતર્ગત જે શાળાઓમાં જયાં ૨૦ કે ૩૦ થી વધુ કર્મચારી ગણ કાર્યરત છે. તેવી શાળાઓએ નીચે મુજબનાં નમુના પત્રમાં માહિતી ભરી મોકલાવવાની રહેશે. આ યોજનાની માહિતી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની નોંધ લેવા ગંભીરતા પૂર્વક જણાવવામાં આવે છે.

~~જિલ્લા શિક્ષણાધિકારી~~
સુરત.જિલ્લો.સુરત

Scanned with CamScanner